Extra No. 44

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, APRIL 7, 2017/CAITRA 17, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-A

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.**

## INDUSTIRES AND MINES DEPARTMENT

## NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 31st March, 2017.

**CONSTITUTION OF INDIA.**

**No.GU/2017/ 13 /BRT/102014/1039/D.2:-** In exercise of the powers conferred by the Proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Industrial Promotion Officer, Class II, in the General State Service, under the Commissionerate of Cottage and Rural Industries, Gujarat State, namely:-

These rules may be called the Industrial Promotion Officer, Class II, in the Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2017.

2. Appointment to the post of Industrial Promotion Officer, Class II, in the General State Service under the Commissionerate of Cottage and Rural Industries, Gujarat State, shall be made, either;-

(a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons, who;-

(i) have worked for not less than seven years in the cadre of Technical Assistant, Class III or Office Superintendent,

Class III or have worked for not less than ten years in the cadre of Superintendent (Training), Class III or Economic Investigator, Class III, in the subordinate service under the Commissionerate of Cottage and Rural Industries, Gujarat State:

Provided that the post filled up by promotion shall be filled up in the ratio of 3:2 from amongst the persons working on the post of Technical Assistant, Class III or Office Superintendent, Class III and Superintendent (Training), Class III or Economic Investigator respectively;

(ii) have passed the departmental examination, as may be prescribed by the Government;

(iii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006:

Provided that where the appointing authority is satisfied that a person having an experience specified in sub-clause (i) above is not available for promotion and it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two-thirds of the period specified in sub-clause (i) above; or

(b) by direct selection.

3. The appointment by direct selection and by promotion shall be made in the ratio of 1:3, respectively.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,

(a) not be more than 39 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967:

Provided further that nothing contained in clause (b) of sub-rule (9) of rule 8 of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned.

(b) possess, at least second class Bachelor's degree in Engineering or Technology except-civil Engineering and a post-graduate degree or Diploma in Business Administration or Management or Rural Management or Entrepreneurship Development obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognised as such or declared to be a deemed university under section 3 of the university Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognised by the All India Council of Technical Education;

(c) possess the basic knowledge of Computer Application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) rules, 1967;

(d) (i) about two years' experience on the post not below the rank of Head Clerk, Class III or Assistant Instructor, Class III, in the subordinate services of the Commissionrate of Cottage or Rural Industries; or

(ii) about two years' experience in the field of Administration in Government, Government Undertaking, Board, Corporation, Local Bodies, Limited Company established under the Companies Act, 2013 or University on the post which can be considered equivalent to the post not below the rank of Head Clerk, Class III or Assistant Instructor, Class III, in the subordinate services of the Commissionerate of Cottage or Rural Industries; and

(e) possess adequate knowledge of Gujarati or Hindi or both.

5. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

6. The candidate appointed by direct selection shall, during his probation period, undergo pre-service training and pass the post-training examination in accordance with the provisions of Gazetted Officer's Pre-Service Training and Examination Rules, 1970.

7. The candidate appointed by direct selection shall pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

8. The candidate appointed by direct selection shall during his probation period pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

9. The candidate appointed either by promotion or direct selection shall undergo such training and pass such examination as may be prescribed by the Government.

10. The candidate appointed by direct selection shall furnish a security and surety bond in such form, for such amount arid for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

**M.M.DABHI,**
Under Secretary to Government.

------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

351 C

Extra No. 325

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVIII ] FRIDAY, NOVEMBER 24, 2017/AGRAHAYANA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

### વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ**-ના **તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૧૭**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ/૨૦૧૭/ ૧૩ / બીઆરટી/ ૧૦૨૦૧૪/ ૧૦૩૯/ડી.૨.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી.એન.શેખ,
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Industrial Promotion Officer, Class II, in the Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2017.**

**કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૭**

**સંબંધી**

**જાહેરનામું.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ૩૧મી માર્ચ, ૨૦૧૭.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃજીયુ/૨૦૧૭/૧૩/બીઆરટી/૧૦૨૦૧૪/૧૦૩૯/ડી.૨:** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ-૨ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં,ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઔદ્યોગિક ઉત્તેજન અધિકારી (ઈન્ડસ્ટ્રિઅલ પ્રમોશન ઓફિસર), વર્ગ-૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, તકનિકી મદદનીશ (ટેકનિકલ આસિસ્ટન્ટ), વર્ગ- ૩ અથવા કચેરી અધીક્ષક, વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછું સાત વર્ષ કામ કર્યું હોય અથવા અધીક્ષક (તાલીમ), વર્ગ-૩ અથવા આર્થિક તપાસનીસ, વર્ગ- ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછું દસ વર્ષ કામ કર્યું હોય:

પરંતુ બઢતીથી ભરવાની જગા, અનુક્રમે તકનિકી મદદનીશ (ટેકનિકલ આસિસ્ટન્ટ), વર્ગ- ૩ અથવા કચેરી અધીક્ષક, વર્ગ- ૩ અને અધીક્ષક (તાલીમ), વર્ગ-૩ અથવા આર્થિક તપાસનીસની જગા પર કામ કરતી વ્યકિતઓમાંથી ૩:૨-ના પ્રમાણમાં ભરવી જોઈશે;

(૨) સરકારે ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી

વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૩ ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ-રમાં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૯ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં,ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનોકોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા મુજબની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી, સિવિલ એન્જિનિયરિંગ સિવાયની એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં ઓછામાં ઓછા દ્વિતિય વર્ગ સાથેની સ્નાતકની પદવી અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા મેનેજમેન્ટ અથવા રુરલ મેનેજમેન્ટ અથવા એન્ટરપ્રીનિયોરશિપ ડેવલપમેન્ટમાં અનુસ્નાતક પદવી અથવા ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) (૧) કુટિર અથવા ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ-૩ અથવા મદદનીશ પ્રશિક્ષક, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ હોવો જોઈશે; અથવા

(૨) કુટિર અથવા ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ-૩ અથવા મદદનીશ પ્રશિક્ષક, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, સરકારમાં,સરકાર હસ્તકના બોર્ડમાં, કોર્પોરેશનમાં, સ્થાનિક સત્તામંડળોમાં, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થાપિત લિમિટેડ કંપનીમાં વહીવટ ક્ષેત્રમાંનો, આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે,બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવી જોઈશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઈશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, હિન્દીમાં અથવા ગુજરાતીમાં અથવા બન્નેમાં પરીક્ષા પાસ કરવી જોઈશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જાગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૯. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એમ.એમ.ડાભી,**
સરકારના ઉપ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.